**ઈશ્વરની એકતા:**

ભિન્ન ભિન્ન ધર્મોમાં ભલે ઈશ્વર જુદા જુદા નામોથી ઓળખાતો હોય, છતાં ઈશ્વર એક જ છે. બધા ઈશ્વરને ભજે છે. સર્વશક્તિમાન, સર્વવ્યાપી છતાં દુર્લભ અને અકળ તત્વ તરીકે જાણે છે.

**ધર્મોની એકતા:**

બધા દૈવી અવતારો એક જ ઈશ્વરના છે. દરેક એક ઉદ્દેશની પૂર્તિ કરવા યુગેયુગે અવતાર લે છે. તેઓ એક જ સરખા આધ્યાત્મિક સિદ્ધાંતનો ઉપદેશ આપે છે: પરંતુ સામાજિક શિક્ષણ સમાજની માંગ પ્રમાણે સમયાનુસાર જુદુંજુદું હોય છે.

**માનવજાતની એકતા:**

"પૃથ્વી એક દેશ છે અને સમસ્ત માનવ તેના નાગરિક છે"

સમગ્ર માનવજાતમાં બધી વ્યક્તિ એક કુટુંબની છે એવી ભાવના પ્રવર્તવી જોઈએ. વિજ્ઞાન, ઔદ્યોગિક વિકાસ, તકનીકી જ્ઞાન અને સામૂહિક વહેવારે દુનિયાને એક કરી દીધી છે. હવે આધ્યાત્મિક એકતા સ્થાપવાની બહુ જરૂર છે. બહાઉલ્લાહે કહ્યું છે કે ઈશ્વરે ઐતિહાસિક પરિબળો ગતિમાન કર્યા છે કે જે જાતિ, વર્ગ, રંગભેદ અને રાષ્ટ્ર અંગેના રૂઢિગત અવરોધોને તોડીને કાળક્રમે એક વિશ્વવ્યાપી શિષ્ટ સમાજનું સર્જન કરશે. આ એકતાને સ્વીકાર કરવો અને આ એકતા સાધવામાં મદદ કરવી એ જ આજે પૃથ્વી પર વસતા જનસમાજ સામે સૌથી મોટો પડકાર છે.

બહાઈ ધર્મ ઉપદેશ આપે છે કે સાચો ધર્મ એકતાની વૃધ્ધિ કરે છે, જે એકતા વિશ્વ શાંતિ માટેની પાયાની અપેક્ષા છે. બહાઉલ્લાહે કહ્યું છે કે જ્યાં સુધી માનવજાતની એકતા દઢ રીતે પ્રસ્થાપિત નહીં થાય ત્યાં સુધી માનવજાતનું કલ્યાણ, શાંતિ અને સલામતી મેળવી શકાય નહિ. દેશ દેશ વચ્ચેની એકતા, આંતરરાષ્ટ્રીય સહાયક ભાષા, સમગ્ર વિશ્વનું સુસંગત અર્થકારણ, કેળવણી પ્રથા, દરેક લોકોના માનવહક્ક માટેની આચાર સંહિતા, વિશ્વના સંપર્ક માટેની સુયોજીત વ્યવસ્થા, નાણાંનું સર્વગ્રાહી ચલણ તમજ તોલમાપના ધોરણો–આ બધાં વિશ્વની એકતા સાધવામાં ફાળો આપે છે તેવી બહાઈ ધર્મ હિમાયત કરે છે.

**બહાઈ અને સંયુક્ત રાષ્ટ્રસંઘ:**

સંયુક્ત રાષ્ટ્રો પૃથ્વી પરના દેશોને એક કરવા માટે પ્રયત્નશીલ છે એ વાત માન્ય રાખીને બહાઈઓ સંયુક્ત રાષ્ટ્રોના બધા પ્રયત્નોને શક્ય તે દરેક રીતે સમર્થન આપે છે. સંયુક્ત રાષ્ટ્રોની આર્થિક અને સામાજીક પરિષદ અને બાળકો માટેના ફંડ બાબતમાં વિચાર વિમર્શ કરવાનો અધિકાર હોવાને લીધે બહાઈ આંતરરાષ્ટ્રીય સમાજને એ પ્રકારની માન્યતા મળેલ છે. વિશ્વના માનવજીવનને સ્પર્શતા આર્થિક સામાજીક વિષયો ઉપર યોજાતા સંમેલનો, સંગઠનો અને પરિસંવાદોમાં ન્યુયોર્ક અને જીનીવા ખાતેની બહાઈ કચેરીઓ અને બીજા ઘણા પ્રદેશોમાંના બહાઈઓ નિયમિત રીતે ભાગ લે છે. લઘુમતી કોમના હક્કો, સમાજમાં સ્ત્રીનું સ્થાન, ગુન્હાની રુકાવટ, કેફી દ્રવ્યો ઉપરનું નિયંત્રણ, બાળકો અને કુટુંબનુ કલ્યાણ અને નિઃશસ્ત્રીકરણ અંગેના સંયુક્ત રાષ્ટ્રોએ યોજેલ પરિસંવાદોમાં આંતરરાષ્ટ્રિય બહાઈ સમાજ સક્રિય રીતે ભાગ લે છે.

3090

**એક બહાઈ પ્રાર્થના:**

હે મારા પરમેશ્વર! હે મારા પરમાત્મા! તારા સેવકોનાં હૃદયો એક કર અને એમની સમક્ષ તારો મહાન ઉદ્દેશ પ્રગટ કર. તેઓ તારા આદેશો માને અને તારા કાયદાઓનું પાલન કરે. હે ભગવાન! એમના પુરુષાર્થમાં સહાયક બન. તારી સેવા કરવાની એમને શક્તિ આપ. હે પ્રભુ, એમને એકલા ન છોડી દે, બલ્કે તારા જ્ઞાનના પ્રકાશથી એમનાં ચરણોને માર્ગ દેખાડ અને તારા પ્રેમથી એમનાં હૃદયોને હર્ષિત કર. તું જ ખરેખર એમનો સહાયક અને સાક્ષી છે.

—બહાઉલ્લાહ

**વિશ્વની વિભૂતિઓના ઉદ્‌ગાર:**

"આપણે પોતાનું આખુ જીવન સૃષ્ટિના રહસ્યો ખુલ્લાં કરવામાં ખર્ચી નાંખીએ છીએ. પણ તુર્કીનો એક કેદી છે બહાઉલ્લાહ જેની પાસે તેમની ચાવી છે."

—લીઓ ટોલસ્ટોય

"બહાઈ ધર્મ આજના યુગનું પ્રતિક છે. બધા ધર્મોના વિચારશીલ નરનારીઓનાં મનમાં એ ભાવના વધતી જાય છે કે એવા ધર્મની શોધ કરવી જોઈએ કે જે બધા ધર્મોનો આધાર છે, અને જે આપણી પાસે એ અપેક્ષા રાખે છે કે, આપણે એ અદૃશ્ય-અગોચરમાં વિશ્વાસ રાખીએ અને માનવ બંધુત્વ માટે કામ કરીએ. આજ આધારભુત સત્ય છે અને બાકીનું બધુ માત્ર (વ્યક્તિગત) મત છે. આ બધાં વર્ષોમાં બહાઈ ધર્મ, બધા ધર્મોની મૂળભૂત એકતા પર ભાર મૂકતો રહ્યો છે, નહિકે તેમના મતભેદો પર. મને આશા છે કે, તે આ કાર્યને આગળ વધારતો રહેશે. બહાઈ ધર્મ ભારતની પ્રાચીન આધ્યાત્મિક પરંપરાને અનુકુળ છે, અને એટલા માટે હું તેનું સ્વાગત કરું છું અને તેના પ્રત્યે શુભ કામના વ્યક્ત કરું છું.

ડૉ. એસ રાધાકૃષ્ણન
ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, ભારત

Gujarati


The Bahá'í Faith
www.bahai.org/national • 1-800-22UNITE
The Bahá'í House of Worship
100 Linden Ave., Wilmette, IL 60091
how@usbnc.org • www.bahaitemple.org
(847) 853-2300

વધારે માહિતી માટે સંપર્ક સાધો:-


**રાષ્ટ્રીય બહાઈ આધ્યાત્મિક સભા,**

**બહાઈ ભવન,**

૬, કેનીંગ રોડ, નવી દિલ્હી-૧૧૦૦૦૧
ફોન: ૬૪૪૪૦૨૯, ૬૪૪૪૦૩૫
બહાઈ સેન્ટર,
સેક્ટર નં. ૩૦, પ્લોટ નં. ૩૯૫, પ્રથમ માળ, ૩૦, ચાર રસ્તા પાસે, ગાંધી નગર-૩૮૨૦૩૦ ફોન:-૨૩૬૫૭


# ભારતીય ઉપખંડનું બહાઈ પ્રાર્થના મંદિર

## બહાપુર, નવી દિલ્હી, ભારત



*Bahdi House of Worship, Wilmette, U.S.A.*

**મંગળમય છે એ સ્થાન ને ગૃહ, એ નગર ને હૃદય, એ પહાડ ને ખીણ, એ આશ્રય ને ગુફા, એ ધરતી ને સાગર અને એ ઉપવન જ્યાં પરમેશ્વરનો ઉલ્લેખ થયેલો છે અને એના યશનો મહિમા ગાવામાં આવ્યો છે.**

—બહાઉલ્લાહ

**બહાઈ પ્રાર્થના મંદિર:**

દિલ્હી સ્થિત બહાઈ મંદિર જગતના સર્જનહાર પરમેશ્વર અને મનુષ્ય વચ્ચેના પ્રેમની ઉષ્માનું પ્રતીક છે. સમગ્ર વિશ્વમાં સ્થપાયેલા બહાઈ મંદિરોમાં ભારતીય ઉપખંડમાં બનાવાયેલું આ મંદિર સાતમું છે. અન્ય છ મંદિરો પનામા, કંપાલા, વિલ્મેટ, ફ્રાંકફર્ટ, સિડની અને સમોવામાં બનાવેલા છે. દિલ્હી ખાતે બાંધવામાં આવેલા આ મંદિરની જમીન છેક ૧૯૫૪મા ખરીદવામાં આવેલી. મંદિરનું બાંધકામ ૨૧ મી એપ્રીલ ૧૯૮૦ના રોજ શરૂ થયું અને ૨૪ ડિસેમ્બર ૧૯૮૬ને દિવસે એને સમગ્ર વિશ્વમાં માનવીય એકતા અને વિશ્વશાંતિના સિદ્ધાંતને કેંદ્રમાં રાખી કોઈ પણ જાતના ભેદભાવ વિના વિશ્વના દરેક મનુષ્ય માટે પ્રાર્થના કરવા તેમજ ધ્યાન ધરવાના ઉદ્દેશ્યથી જાહેર ઉપયોગ માટે સમર્પિત કરવામાં આવ્યું.

ભારતના બધા જ ધર્મો સાથે કમળનું ફુલ સંકળાયેલું છે. અને વિશ્વભરમાં એ ધર્મના પ્રતીક તરીકે માન્ય થયેલું છે. તેથી આ મંદિરના શિલ્પી શ્રી ફરીબુર્ઝ સાહબાએ આ મંદિરને કમળનો આકાર આપ્યો છે. પ્રાર્થનાખંડ ઉપરાંત મંદિરમાં પુસ્તકાલય, ફિલ્મ પ્રદર્શન ખંડ અને વહીવટી કાર્યાલયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાર્થના ખંડની આજુબાજુ કમળના પાંદડાના આકારના નવ જળાશયો છે અને કમળની પાંદડીઓ સફેદ સિમેન્ટની બનાવીને તેની ઉપરની બાજુ સફેદ આરસ જડવામાં આવ્યાં છે. ભારત તેમજ સમગ્ર વિશ્વમાં વસતા બહાઈ મિત્રોના સ્વૈચ્છિક ફાળાથી આ મંદિર બાંધવામાં આવ્યું છે. આ ભવ્ય

